# શ્રદ્ધાન અને સમ્યક્ત્વનો કથંચિત્ ભેદ

શ્રદ્ધાન એ ઉત્તમ અધ્યવસાયરૂપ છે. તત્ત્વાર્થશ્રદ્ધાન એ સમ્યક્ત્વનું કાર્ય છે. જ્યાં જ્યાં શ્રદ્ધા હોય ત્યાં ત્યાં સમ્યક્ત્વ જરૂર હોય. દૃષ્ટાંત એ કે-જેણે મનઃપર્યાપ્તિ પૂરી કરી છે એવા કરણપર્યાપ્તા અને દશે પ્રાણોને ધારણ કરનાર શ્રદ્ધાવાળા શ્રી તીર્થંકરદેવ આદિ મહાપુરુષોને સમ્યક્ત્વ જરૂર હોય છે. આ બાબતમાં ન્યાય પણ એમ જ સ્પષ્ટ જાહેર કરે છે કે-રસોડાના દૃષ્ટાંતે જ્યાં ધૂમાડો હોય ત્યાં અગ્નિ જરૂર હોય જ; પરંતુ જેમ તપાવેલા લોઢાના ગોળા આદિમાં ધૂમાડા વિના પણ અગ્નિ દેખાય છે અને રસોડા આદિમાં ધૂમ સહિત અગ્નિ દેખાય છે, તેમ જ્યાં સમ્યક્ત્વ હોય ત્યાં તે જીવને શ્રદ્ધા હોય અથવા ન પણ હોય. જેઓ પાછલા ભવનું સમ્યક્ત્વ લઈને માતાના ગર્ભમાં ઊપજે છે, એવા શ્રી તીર્થંકર આદિ મહાપુરુષોને મનઃપર્યાપ્તિ પૂરી થયા પહેલાં એકલું સમ્યક્ત્વ હોય છે અને તે પર્યાપ્તિ પૂરી થયા પછી બન્ને સમ્યક્ત્વ અને શ્રદ્ધા હોય છે. આથી સાબીત થયું કે-ખરી રીતે સમ્યક્ત્વ અને શ્રદ્ધા એ બન્ને અલગ છે, છતાં ઔપચારિક ભાવથી સમ્યક્ત્વરૂપ (શ્રદ્ધાના) કારણમાં શ્રદ્ધારૂપ (કાર્ય)નો ઉપચાર કરીએ તો બન્ને એક પણ કહી શકાય, એમ 'ધર્મસંગ્રહ'માં પૂ. ઉ. મ.ના વચનોથી જાણી શકાય છે. તાત્પર્ય એ કે-શ્રદ્ધાન એ ઉત્તમ માનસિક અધ્યવસાયરૂપ છે, તેથી એકાંતે શ્રદ્ધા અને સમ્યક્ત્વ એક જ માનવામાં ઉપર જણાવેલા અપર્યાપ્તા જીવોમાં

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

અને સિદ્ધ પરમાત્મા વિગેરેમાં પણ સમ્યક્ત્વનું લક્ષણ ઘટી શકે નહિ; કારણ કે-તેઓને મન નથી માટે શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ પણ હોઈ શકે નહિ. શ્રી તીર્થંકરદેવોએ તો તેમને સમ્યક્ત્વ હોય એમ કહ્યું છે, જેથી આ ગુંચવણ દૂર કરવા માટે શ્રી ભદ્રબાહુસ્વામીએ 'આત્મપરિણામરૂપ સમ્યક્ત્વ' એમ ફરમાવ્યું. આ લક્ષણ સર્વત્ર વ્યાપક છે એમ સમજવું.

## વિચારશક્તિ

ધ્યાન અને યોગના સ્વતંત્ર માર્ગો આપણી વિચારશક્તિના સદ્વ્યય અને નિરોધને માટે જ યોજાયેલા છે. ચિત્તની વૃત્તિઓનો નિરોધ કરવો તે યોગ છે. વિચારશક્તિ એ મહાન્ શકિત છે. વિશ્વમાં તમામ માયિક સુખદુઃખની ઉત્પત્તિ આ વિચારશક્તિના સદુપયોગથી અને દુરૂપયોગથી જ થાય છે અને મનની નિર્વિકલ્પ દશામાંથી આત્માની અનંત શક્તિઓ પ્રગટ થાય છે, જે શાશ્વત હોઈ પરમ શાંતિ આપનાર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org